**ક્રમાંક-૯**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૭૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય રાજ્યકક્ષાના રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય રાજ્યકક્ષાના રમત-ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાત અને દેશના યુવાનો વધુને વધુ સાહસિક બને તે હેતુથી આયોજન કરવામાં આવતી સમુદ્ર તરણ સ્પર્ધા અને ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાના ઇનામની રકમમાં વધારા અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું (નિયમ-૪૪) હેઠળનું નિવેદન વાંચીને કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા. ૨૪મી, ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૨) શ્રી રમણલાલ પાટકર
(૩) શ્રી ઇશ્વરસિંહ પટેલ
(૪) શ્રી સંજયભાઇ કોરડિયા
(૫) શ્રી અનિકેતભાઇ ઠાકર
(૬) શ્રી કનુભાઇ પટેલ
(૭) શ્રી ભરતભાઇ પટેલ
(૮) શ્રી રમેશભાઇ ટીલાળા
(૯) શ્રી સંજયસિંહ મહિડા
(૧૦) શ્રી દિનેશસિંહ કુશવાહ
(૧૧) શ્રી દુર્લભજી દેથરીયા
(૧૨) શ્રી કાળુભાઇ ડાભી
(૧૩) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૪) શ્રી કાંતિભાઇ અમૃતિયા

**વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૫) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૧૬) શ્રી યોગેન્દ્રસિંહ પરમાર
(૧૭) શ્રી કલ્પેશભાઇ પરમાર
(૧૮) શ્રી યોગેશ આર. પટેલ
(૧૯) શ્રી શૈલેષ પરમાર
(૨૦) શ્રી મહેશભાઇ ભુરિયા
(૨૧) શ્રી પરસોત્તમભાઇ પરમાર
(૨૨) શ્રી દેવાભાઇ માલમ
(૨૩) શ્રી જે.વી. કાકડિયા
(૨૪) શ્રી ભીખાભાઇ બારૈયા
(૨૫) શ્રી કમલેશભાઇ પટેલ
(૨૬) શ્રી દિવ્યેશભાઇ અકબરી
(૨૭) શ્રી ઉમેશ મકવાણા
(૨૮) શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી )

૪. **અધ્યક્ષશ્રીની જાહેરાત**

**(૧) ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક અંગે**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં વિધાનસભાની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ દસ મિનિટ પછી

રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીએ તેમાં અચૂક હાજર રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**(૨) હોળીના ઉત્સવના કાર્યક્રમ અંગે**

આવતી કાલે તા.૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ વિધાનસભા ખાતે હોળીના પ્રસંગની ઉજવણી રાખેલ હોઇ દરેક સભ્યશ્રીને તેમાં હાજર રહી ઉજવણી કરવા માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, મંગળવાર તા ૭મી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪–૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.